# "Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in

Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.                                                                                    તા: ૨૦/૦૧/૨૦૧૬

તંત્રી શ્રી ______________________                                              સુરત

જાત: નીચેની પ્રેસ નોટઆપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

## <u>એક મહિનામાં સુરત, ગુજરાત માંથી બીજું હૃદય મુંબઈ, મહારષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું</u>

## <u>બ્રેનડેડ હિમ્મતભાઈ સાવલીયાના અંગોનું દાન કરી</u>

## <u>ત્રણ વ્યક્તિઓને નવું જીવન આપી બ્રેનડેડ હિમ્મતભાઈ સાવલીયાના પરિવારે સમાજને નવી દિશા બતાવી.</u>

નામ:હિમ્મતભાઈ વલ્લભભાઈ સાવલીયા ઉ. વ.૫૨ બ્લડ ગ્રુપ:O+ (નિવૃત જીવન વિતાવતા હતા.)

રહેવાસી: ૩૮૮, શુભલક્ષ્મી સોસાયટી, નાના વરાછા, સુરત.

મૂળ રહેવાસી : ગામ: મોલડી, તાલુકો: સાવરકુંડલા. જીલ્લો: અમરેલી.

કૌટુંબિક વિગત : પત્ની: ભાવનાબેન હિમ્મતભાઈ સાવલીયા ઉ. વ.૪૮

પુત્રી : ૧. હેતલ હિમ્મતભાઈ સાવલીયા ઉ.વ ૨૫ (સરદાર પટેલ વિદ્યાભવન નાનાવરાછામાં શિક્ષીકા તરીકે જોબ કરે છે.)

૨. દર્શના હિમ્મતભાઈ સાવલીયા ઉ.વ ૨૩ (અભ્યાસ M. Com)

પુત્ર : ૧. મિલન હિમ્મતભાઈ સાવલીયા ઉ.વ ૨૧ (ઇન્ફોસીસ લી. પુનામાં સીસ્ટમ એન્જીન્યર તરીકે જોબ કરે છે.)

(B. Tech. ધરમસી દેસાઈ યુનિવર્સીટી નડીયાદથી અભ્યાસ)

<u>બનાવની વિગત:</u>

રવિવાર તા. ૧૭ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ હિમ્મતભાઈએ સાંજે ૫:૩૦ કલાકે પેટમાં દુ:ખાવાની ફરિયાદ કરતા પરિવારજનો તેમના ઘરની નજીક આવેલા દવાખાને તેમને લઇ જવાની તૈયારી કરતા હતા ત્યારે જ તેમને ઘરમાં એકાએક વોમીટ થતા તેઓ બેભાન થઇ ગયા હતા તેથી તેમને ૧૦૮ એમ્બ્યુલન્સમાં તાત્કાલીક નજીકમાં આવેલ ડાયમંડ હોસ્પીટલમાં દાખલ કરી પ્રાથમિક સારવાર આપી ત્યાંથી સાંજે ૭:૦૦ કલાકે આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલમાં ન્યુરોસર્જન ડૉ. ભવેશ માંગુકીયાની સારવાર હેઠળ દાખલ કરવામાં આવ્યા અને સારવાર શરૂકરવામાં આવી, ત્યારબાદ સી. ટી. સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ હોવાનું માલુમ પડયું.

૨...


| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



મંગળવાર તા. ૧૯ જાન્યુઆરી, ૨૦૧૬ના રોજ ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા અને ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રાએ તેમને બ્રેઈનડેડ જાહેર કર્યા.

આયુષ આઈ. સી. યુ.એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસરડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફ ના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી હિમ્મતભાઈના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

નીલેશ માંડલેવાલા અને રાકેશ જૈને હોસ્પીટલ પહોંચી હિમ્મતભાઈ નાપત્ની ભાવનાબેન, પુત્ર મિલન, પુત્રીઓ હેતલ અને દર્શના, જેઠાણી શારદાબેન, નાનાભાઈ પ્રવીણભાઈ તેમજ સાવલિયા પરિવારના અન્ય સભ્યોને અંગદાનની પ્રવૃત્તિની જાણકારી આપી અંગદાનનું મહત્વ સમજાવ્યું.

હિમ્મતભાઈ ના પત્ની ભાવનાબેન, પુત્ર મિલન, પુત્રીઓ હેતલ અને દર્શના તેમજ પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યુ કે જ્યારે અમારું સ્વજન બ્રેનડેડ થઈ ચુક્યું છે અને તેમને મૃત્યુ નિશ્ચિત જ છે અને શરીર બળીને રાખ થઇ જાય તેના કરતા તેઓના અંગોનું દાન કરીને કિડની, લીવર અને હૃદય ફેલ્યોરના દર્દીઓને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએઅમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ટ્રાન્સપ્લાન્ટ કો.ઓર્ડીનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું અને મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, ડૉ સંદીપ સિંહ અને ચેતન સુરાની નો સંપર્ક કરી હૃદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું.

મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું. જ્યારે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર, ડૉ. રમ્યા નાગરાજન અને તેમની ટીમે આવી બે કિડની અને લીવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલું હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ વાસી, નવી મુંબઈના શ્રીકાંત પાટીલ ઉ. વ. ૪૨માં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા મુંબઈ મુલુન્ડ માં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે.

જ્યારે દાનમાં મેળવવામાં આવેલી બે કિડની પૈકી એક કિડની અમદાવાદના રેણુકાબેન એસ. કુલકર્ણી ઉ.વ. ૨૮,માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. અને બીજી કિડની સુરતના મનોજ એચ. દુબે ઉ. વ. ૨૫ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી છે. જ્યારે લીવર રીસર્ચ માટે રાખવામાં આવ્યું છે.

આ બન્ને કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC) ખાતે ડૉ જમાલ રીઝવી, ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં હિમ્મતભાઈના પત્ની ભાવનાબેન, પુત્ર મિલન, પુત્રીઓ હેતલ અને દર્શના, જેઠાણી શારદાબેન, નાનાભાઈ પ્રવીણભાઈ તેમજ સાવલિયા પરિવારના અન્ય સભ્યો, ન્યુરોફીઝીશ્યન ડૉ. ભદ્રેશ માંગુકીયા,ન્યુરોસર્જન ડૉ. હસમુખ સોજીત્રા, આયુષ આઈ. સી. યુ. ના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલ, આયુષ આઈ. સી. યુ. હોસ્પીટલના ડિરેક્ટર ડૉ. અશોક ધામેલીયા, આયુષ આઈ. સી. યુ. હોસ્પીટલના સંચાલકો અને સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખશ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, સુભાષ જોધાણી, દિશાંત પંચાલ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

3...

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7852 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી શ્રી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા ૧૩૭ કિડની, ૪૩ લીવર, ૩ પેન્ક્રીઆસ, ૨ હૃદય અને ૧૧૨ ચક્ષુઓનો દાન મેળવીને ૨૯૭ વ્યક્તિઓને નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

કેડેવર ઓર્ગન ડોનેશનની પ્રક્રિયા ની ઘટના ક્રમ

૧. બપોરે ૦૨:૦૯ કલાકે આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે ડોનેટ લાઈફ ના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી હિમ્મતભાઈ સાવલીયાના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

૨. બપોરે ૦૨:૪૧ કલાકે ડોનેટ લાઈફ ના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા અને મંત્રી રાકેશ જૈન હોસ્પિટલ પહોંચી હિમ્મતભાઈ સાવલીયાના પરિવારને અંગદાનનું મહત્વ અને પ્રક્રિયા સમજાવી અંગદાન માટે તૈયાર કર્યા.

૩. બપોરે ૦૨:૫૯ કલાકે અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કીડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

૪. બપોરે ૦૩:૦૦ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે, ડૉ સંદીપ સિંહા અને ચેતન સુરાની નો સંપર્ક કરી હૃદય નું દાન લેવા આવવા માટે જણાવ્યું

૫. બપોરે ૦૩:૫૬ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ એનેસ્થેટીસ્ટ ડૉ. વિજય શેટ્ટીએ ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી હિમ્મતભાઈ સાવલીયાના 2D ECO અને એન્જીયોગ્રાફી કરાવવા જણાવ્યું.

૬. સાંજે ૦૪:૧૫ કલાકે આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલના ચીફ મેડીકલ ઓફીસર ડૉ. રમેશ પટેલે પી.પી સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટના કાર્ડીયોલોજીસ્ટ ડૉ. સંજય વાઘાણી નો સંપર્ક કરી હિમ્મતભાઈ સાવલીયાનીએન્જીયોગ્રાફી કરવા જણાવ્યું.

૭. સાંજે ૦૪:૩૦ કલાકે દરમ્યાનઅમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. સુરેશ કુમાર, ડૉ. રામ્યા નાગરાજન અને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવવા નીકળ્યા.

૮. સાંજે ૦૬:૧૫ કલાકેઆયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ થી પેશન્ટ હિમ્મતભાઈ સાવલિયાને એન્જીયોગ્રાફી કરવામાટે પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટમાં શીફ્ટ કર્યા.

૯. સાંજે ૦૭:૦૦ કલાકે મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારવા મુંબઈ થી સુરત આવવા નીકળ્યા.

૧૦. રાત્રે ૦૭:૩૦ કલાકે હિમ્મતભાઈ સાવલિયાનીએન્જીયોગ્રાફી પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટમાં કાર્ડિયોલોજીસ્ટ ડૉ. સંજય વાઘાણીએ કરી.

૧૧. રાત્રે ૦૮:૦૦ કલાકે હિમ્મતભાઈ સાવલિયાને પી. પી. સવાણી હાર્ટ ઇન્સ્ટીટયુટમાંથી આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ માં શીફ્ટ કર્યા.

૧૨. રાત્રે ૦૮:૦૯ કલાકે સ્પેશિયલ પોલીસ કમિશનર શ્રી વી.એમ.પારગી સાથે ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલાએ ટેલીફોન કરી ગ્રીન કોરીડોર અંગેની ચર્ચા કરી.


૪...

# " Donate Life"

Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
Registration No. E-7652 Dt. 04-12-2014


DONATE LIFE™
an initiative for organ donation



૧૩. રાત્રે ૦૮:૧૫ કલાકે ડોનેટ લાઈફ ના સેક્રેટરી રાકેશ જૈને એરપોર્ટ ઓથોરિટી સાથે રાત્રીના એરએમ્બ્યુલન્સના ટેકઓફ અંગેની ચર્ચા કરી.

૧૪. રાત્રે૧૦:૦૦ કલાકેઅમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. સુરેશ કુમાર.ડો. રામ્યા નાગરાજનઅને તેમની ટીમ બે કિડની અને લીવરનું દાન સ્વીકારવા અમદાવાદ થી સુરત આવી.

૧૫. રાત્રે ૧૧:૩૫ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમહૃદય નું દાન સ્વીકારવામુંબઈ થી સુરત આવી.

૧૬. રાત્રે ૧૨:૨૦ કલાકે કેડેવર ઓર્ગન ડોનર હિમ્મતભાઈ સાવલિયાને ઓપરેશન થીએટરમાં શીફ્ટ કર્યા.

૧૭. રાત્રે ૦૨:૫૧ કલાકે મુંબઈ ની ફોર્ટીસ હોસ્પીટલના ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમ હૃદય નું દાન સ્વીકારી આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલ થી સુરત એરપોર્ટ જવા રવાના થયા.

૧૮. રાત્રે ૦૩:૦૪ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.

૧૯. રાત્રે ૦૩:૧૫ કલાકે સુરત એરપોર્ટ થી એર એમ્બ્યુલન્સમાં ડો. અનવય મુલે અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયાં.

૨૦. મળસ્કે ૦૩:૫૫ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.

૨૧. મળસ્કે ૦૩:૫૮ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલ જવા રવાના થયા.

૨૨. મળસ્કે ૦૪:૧૫ કલાકે ડો. અનવય મુલે અને તેમની ટીમમુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલના ઓપરેશન થીએટરમાં દાખલ થયા.

૨૩. સવારે ૦૮:૩૦ કલાકે હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ રહેવાસી, વાસી, નવી મુંબઈના શ્રીકાંત પાટીલ ઉ. વ. ૪૨માં ચીફ કાર્ડિયાક સર્જન ડો. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા ફોર્ટીસ હોસ્પિટલ, મુલુન્ડ ખાતે કરવામાં આવ્યું છે.

૨૪. સવારે ૧૦:૦૦ કલાકે પેશન્ટ શ્રીકાંત પાટીલને ટ્રાન્સપ્લાન્ટ કર્યા પછી આઈ.સી.યુ માં શીફ્ટ કર્યા.

૧ કલાક અને ૨૪ મીનીટમાં હૃદય સુરત આયુષ આઈ. સી. યુ. એન્ડ મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પીટલથી મુલુન્ડ ફોર્ટીસ હોસ્પીટલમાં ઓપરેશન થીએટરમાં દાખલ થઇ વાસી, નવી મુંબઈના રહેવાસી શ્રીકાંત પાટીલ ઉ. વ. ૪૨ માં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું છે.

ભારતમાં ૧૯૯૪માં પહેલું હૃદય નું ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું એક મહિનામાં ગુજરાત માંથી હૃદય મહારાષ્ટ્રમાં ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ બીજો કિસ્સો છે. જેનું શ્રેય પણ સુરત ને ફાળે જાય છે.


**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**